# ૧૪૬મી જગન્નાથ રથયાત્રા શાંતિ, સલામતી સહિત સૌહાર્દભર્યા વાતાવરણમાં યોજાય તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણ સજ્જ :- મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઇ - ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી બેઠકમાં ઉપસ્થિત રહ્યા**

**અમદાવાદ સહિત રાજ્યભરમાં નીકળનાર ૧૯૮ જેટલી રથયાત્રાઓ સૌહાર્દભર્યા વાતાવરણમાં નીકળે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા મુખ્યમંત્રીશ્રીની સૂચના**

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આગામી અષાઢી બીજ, મંગળવાર, ૨૦મી જૂને અમદાવાદમાં યોજાનારી ૧૪૬મી જગન્નાથ રથયાત્રા શાંતિ, સલામતી સાથે અને કોઈ જ અનિચ્છનીય ઘટના વિના સફળતાથી પાર પાડવા માટે પોલીસતંત્રની સજ્જતા ની તલસ્પર્શી સમીક્ષા ઉચ્ચ સ્તરીય બેઠકમાં કરી હતી. ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવશ્રી રાજકુમાર અને ગૃહના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી તેમજ પોલીસ મહાનિદેશક વિકાસ સહાય અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા. અમદાવાદ પોલીસ કમિશનરશ્રી પ્રેમવીર સિંઘે રથયાત્રા સંદર્ભમાં શહેર પોલીસની આગોતરી તૈયારીઓનું પ્રેઝન્ટેશન આ સમીક્ષા બેઠકમાં કર્યું હતું. આ વર્ષે ગુજરાતમાં રથયાત્રામાં પ્રથમવાર સમગ્ર યાત્રા રૂટ, નિજમંદિર, સ્ટ્રેટેજીક પોઈન્ટ સહિતની બાબતો પર ૩ ડી મેપિંગથી નિગરાની રાખવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ ૩ ડી મેપિંગથી નિગરાની રાખવાનો પ્રયોગ આગામી યાત્રાઓમાં પણ કરવા માટે પોલીસ દળને પ્રેરક સૂચન કર્યું હતું. તેમણે સોશિયલ મીડિયા કે ફોન-વ્હોટસએપ દ્વારા રથયાત્રાને સ્પર્શતી કોઈ ખોટી અફવાઓ ન ફેલાય તે માટે સાયબર ક્રાઈમ ટીમ અને ક્રાઈમ બ્રાન્ચને સતર્ક રહેવાની ખાસ તાકીદ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, ઓળખના આધાર - પુરાવા વિના પ્રિપેઈડ સીમકાર્ડ વેચનારા લોકો સામે કડકાઈથી કામ લેવાય તે આવશ્યક છે. ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકની વિગતો આપતા કહ્યું કે, અમદાવાદની આ ૧૪૬મી રથયાત્રા રંગે ઉમંગે પાર પડે તે માટે રાજ્ય સરકારે સુદૃઢ વ્યવસ્થા ગોઠવી છે. તેમણે જણાવ્યું કે રાજ્યભરમાં વિવિધ સ્થળોએ મળીને ૧૯૮ જેટલી રથયાત્રાઓ તેમજ અમદાવાદ શહેરમાં મુખ્ય રથયાત્રા સાથે અન્ય ૬ નાની રથયાત્રાઓ પણ અલગ અલગ વિસ્તારો માથી નીકળે છે. આ બધી જ નાની મોટી રથ યાત્રાઓમાં કોમી સંવાદિતા જળવાઈ રહે તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રી શ્રી સમક્ષ આ બેઠકમાં આપવામાં આવેલી વિગતોમાં જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદની રથયાત્રા માટે પેરા મિલીટરી ફોર્સ સહિત કુલ ૨૬૦૯૧ પોલીસ અધિકારી - કર્મચારીઓ ફરજરત રહેવાના છે. એટલું જ નહીં, ૪૫ જેટલા સેન્સિટીવ લોકેશન પરથી ૯૪ સી.સી.ટીવી કેમેરા દ્વારા વોચ રાખવામાં આવશે. આ ઉપરાંત, ૨૩૨૨ બોડીવોર્ન કેમેરા સાથેના જવાનો, યાત્રામાં સાથે રહેનારા ૨૫ વાહનો ઉપર CCTV અને GPS સિસ્ટમ કાર્યરત કરીને યાત્રાની પળેપળની વિગતો મેળવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેર પોલીસે બે મહિના પહેલાંથી જ રથયાત્રાની જે તૈયારીઓ કરી છે તેનાથી સંતોષ વ્યક્ત કર્યો હતો.ગૃહ રાજ્યમંત્રીશ્રીએ આ તૈયારીઓનું વિવરણ આપતા કહ્યું કે, રથયાત્રા રૂટથી પોલીસ અધિકારીઓને પરિચિત કરાવવા એરિયા ફેમિલરાઈઝેશન અન્વયે પેટ્રોલિંગ કરવામાં આવેલું છે. એરિયા ડોમિનેશન અન્વયે ફૂટ પેટ્રોલિંગ કરીને જે તે વિસ્તારમાં પોલીસની પ્રેઝન્સ અનુભવાય તેવી કાર્યવાહી ૩,૭૩૨ ફૂટ પેટ્રોલિંગ થી કરાઈ છે.આ ઉપરાંત ૩૨ ઉડાન દ્વારા ડ્રોન સર્વેલન્સ કરીને સંવેદનશીલ વિસ્તારો પર નિરીક્ષણ કર્યું છે. ૨૫૦ ધાબા પોઈન્ટ અને ૨૫ વોચ ટાવર પણ ઉભા કરવામાં આવ્યા છે. તેમણે આ રથયાત્રા દરમિયાન કોઈ અનઅધિકૃત ડ્રોન ઉપયોગમાં ન લઈ શકાય તે માટે એન્ટી ડ્રોન ટેકનોલોજી નો પણ આ વખતે પ્રથમવાર ઉપયોગ કરવામાં આવશે તેની વિગતો પણ આપી હતી.રથયાત્રા સૌહાર્દભર્યા વાતાવરણમાં પરંપરાગત શ્રદ્ધા-આસ્થાથી ઉજવાય તે માટે સર્વધર્મ બ્લડ ડોનેશન કેમ્પ, ક્રિકેટ ટૂર્નામેન્ટ, શાંતિ સમિતિની બેઠકો, મહોલ્લા સમિતિની બેઠકો પણ પોલીસતંત્ર દ્વારા યોજવામાં આવી છે તેની વિગતો ગૃહ રાજ્યમંત્રીશ્રીએ આપી હતી. ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સમગ્ર રાજ્યમાં જ્યાં જ્યાં રથયાત્રાઓ યોજાય છે ત્યાં કોમી સંવાદિતા, સૌહાર્દ અને સલામતીના વાતાવરણમાં પાર પાડવા રાજ્ય પોલીસ સંપૂર્ણ પ્રતિબદ્ધ છે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીને આ બેઠકમાં આપ્યો હતો.

## સુરત ખાતે રાજ્યકક્ષાની 'વિશ્વ યોગ દિન'ની ઉજવણીના ભાગરૂપે ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ

**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાના યોગદિનની ઉજવણી સુરતમાં થશે.**




સુરતથી અગ્ર સચિવ અશ્વિનીકુમાર સહિતના જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

આગામી ૨૧ જૂન- 'આંતરરાષ્ટ્રીય યોગ દિન'ની સુરત ખાતે થનાર રાજ્યવ્યાપી ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતેથી ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુરત કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી, જેમાં રમત ગમત, યુવા સાંસ્કૃતિક વિભાગના અગ્રસચિવશ્રી અશ્વિનીકુમાર, પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર, ઈ.કલેક્ટરશ્રી બી.કે.વસાવા, મ્યુનિસિપલ કમિશનર શ્રીમતિ શાલીની અગ્રવાલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ જોડાયા હતા. શ્રી સંઘવીએ વિડીયો કોન્ફરન્સ મારફતે જિલ્લાના અધિકારીઓને યોગ દિવસની ઉજવણીના આયોજન અંગે વિગતવાર એક્શન પ્લાન રજૂ કરવા જણાવ્યું હતું. ઈ-માધ્યમથી ગૃહ મંત્રીશ્રીએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાના યોગદિનની ઉજવણી સુરતના ડુમસ રોડ પર આવેલા વી.આર.મોલ પાસેના વાય જંક્શન ઉપર થશે, આ કાર્યક્રમમાં ૧.૨૫ લાખથી વધુ લોકો સહભાગી થશે. જે માટે પાર્કિંગ, બેસવા, ટ્રાફિક ડાઈવર્ઝન જેવી વ્યવસ્થાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. યોગાભ્યાસમાં વધુને વધુ લોકો જોડાય તે માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં ગૃહમંત્રીશ્રીએ 'યોગ દિન'ની ઉજવણીમાં સૌ કોઈ સહભાગી બને તે માટે સોશિયલ મીડિયાનો મહત્તમ ઉપયોગ કરી બહોળા પ્રમાણમાં યોગ દિનનો પ્રચાર-પ્રસાર કરવા જણાવ્યું હતું. નોંધનીય છે કે, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ,ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,જીઆઈડીસી, સુરત મહાનગર પાલિકા અને યોગ બોર્ડમાંથી વિશાળ સંખ્યામાં નાગરિકો ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે. બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિતેશ જોયસર, નિવાસીઅધિક કલેકટરશ્રી વાય.બી.ઝાલા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દિપક દરજી અને વિવિધ વિભાગના અધિકારી-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા મા ગંદકી નુ સામ્રાજય ફેલાઈ ગયુ



કમલમ્ ન્યુઝ,

આપણા દેશ ના માન્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયા ની ગ્રાન્ટ ફાળવેલ છે. જેમનો ઉદેશ સ્વચ્છ ભારત બનાવવા નુ અભિયાન ચલાવી રહ્યા છે. દેશ ના કરોડો લોકો આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના આ અભિયાન ને દેશ મા અને દુનિયામા પ્રશંસા થાય છે.

બીજી બાજુ ખેડબ્રહ્મા નગરપાલિકા ઘોર નિદ્રા મા હોય તેવુ લાગી રહ્યુ છે. ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તાર મા આવેલા શીતલ ચોક પાસે આવેલા શૌચાલય પાછળ ગંદકી નુ સામ્રાજય ફેલાઈ ગયુ છે.શૌચાલય પાછળ ગટર ઉભરાઈ ને બહાર આવે છે. આજુબાજુ રેસીડન્ટ એરીયા આવેલો છે. આજુબાજુ લોકો આ દુર્ગંધ ફેલાઈ રહ્યો છે. મોટી બિમારી ના ભોગ બને તેવી લોકો મા દહેશત ફેલાઈ ગયેલ છે.ત્યા શૌચાલય ની પાછળ ના ભાગ મા નગરપાલિકા નુ પાર્કિંગ આવેલુ છે.ત્યા કચરાપેટી મૂકેલી નથી. આજુબાજુ ના દુકાનદારો પાર્કિંગ મા કચરો ઠાલવી ને જતા રહે છે.લોકોની માંગ છે કે ત્યા કચરાપેટી મૂકવા મા આવે તેવી માંગ છે.વારંવાર રજૂઆત કરવા છતા નગરપાલિકા થી કોઈ એક્શન લેવામા આવતી નથી આજુબાજુ ના લોકો જણાઈ રહ્યા છે.ખેડબ્રહ્મા ના લોકો જણાઈ રહ્યા છે કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના સ્વચ્છ ભારત નુ અભિયાન ને સૌ લોકો સાથ આપે તેવી લોકો ની માંગ છે. પણ નગરપાલિકા ના અધિકારીઓ ઘોર નિદ્રા મા હોય તેવુ લોકો ને લાગી રહ્યુ છે.

## ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક બન્યા ગાંધીનગરના મહેમાન

**ભાજપના મહાજનસંપર્ક અભિયાન અન્વયે શહેર ભાજપ સંગઠનની બેઠક લીધી**



કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક તા.૧૭ જૂન શનિવારે ગાંધીનગરના મહેમાન બન્યા હતા. તેઓએ ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટી હોલમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે.મેયર પ્રેમલાસિંહ ગોલ, મહામંત્રીઓ, મહાનગર મુખ્ય સંગઠન તેમજ વોર્ડ સંગઠનના અપેક્ષિત પદાધિકારીઓ, કોર્પોરેટરો, વિવિધ મોરચા અને સેલના પદાધિકારીઓ સાથે ભાજપના મહાસંપર્ક અભિયાન અન્વયે બેઠક લઈને ઉપસ્થિત સૌને આગવી છટામાં વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

## ગાંધીનગર વોર્ડ નં. ૧૦ ખાતે ભાજપનું અલ્પકાલીન વિસ્તારક વર્કશોપ યોજાયું

**ધારાસભ્ય, મેયર અને શહેર પ્રમુખે સિવિલ હોસ્પિટલમાં કાર્યરત નિઃશુલ્ક આહાર કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો**



કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર (ઉત્તર) ના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિહ ગોલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત નિઃશુલ્ક આહાર કેન્દ્ર ખાતે નિહાળ્યો હતો. આ ઉપરાંત મહાનગરના તમામ વોર્ડમાં બુથ સ્તરે કાર્યકર્તાઓએ 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો હતો. આજરોજ વોર્ડ નં. ૧૦ ખાતે ભાજપ દ્વારા અલ્પકાલીન વિસ્તારક વર્કશોપ યોજવામાં આવ્યું હતું જેમાં પૂર્વ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સ્થાનિક કોર્પોરેટરો અને સંગઠનના હોદ્દેદારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપ બાદ સૌએ 'મન કી બાત' કાર્યક્રમ સાંભળ્યો હતો.

## મુન્દ્રા તાલુકામાં વૃક્ષોને રોડ પરથી દૂર કરવા તેમજ વીજ પુન:સ્થાપનની કામગીરી પુરજોશમાં



કમલમ્ ન્યુઝ,ભુજ,

મુન્દ્રા તાલુકા મામલતદાર શ્રી વી એ પટેલના જણાવ્યા મુજબ તા. ૧૫ અને ૧૬ ના રોજ આવેલા વાવાઝોડા બાદ પરિસ્થિતિ પૂર્વવત કરવા માટે કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ માર્ગ અને મકાન વિભાગ, ફોરેસ્ટ વિભાગ તેમજ પી.જી.વી.સી.એલ. વિભાગ સંકલનમાં રહીને ખુબ સુંદર કામગીરી કરી રહ્યું છે. ફોરેસ્ટ વિભાગ દ્વારા ૬૬૨ જેટલા પડી ગયેલા વૃક્ષોને રોડ રસ્તા પરથી દૂર કરી વાહન વ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો છે, જ્યારે આર.એન્ડ.બી. (સ્ટેટ) દ્વારા ૧૦ રોડ તેમજ આર.એન્ડ.બી. (પંચાયત) દ્વારા ૨૨ રોડ ખુલ્લા કરવામાં આવ્યા છે. પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો પુનઃ યથાવત કરવા માટે પડી ગયેલા વિજપોલ નાખવાની કામગીરી હાલ ચાલુ છે. મુન્દ્રામાં હાલ મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો શરૂ થઈ ચૂક્યો છે અને આવતીકાલ સુધીમાં મુન્દ્રા તાલુકાના મોટાભાગના ગામોમાં વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થઈ જશે તેમ મામલતદાર શ્રી એ જણાવ્યું હતું

## એનડીઆરએફ, આર્મી અને પીજીવીસીએલની ટીમે સંયુક્ત કામગીરી કરીને પડકારજનક પરિસ્થિતિમાં ટોપણસર તળાવ વચ્ચે રહેલા વીજ પોલની મરમ્મત કરી



કમલમ્ ન્યુઝ,ભુજ,

બિપરજોય વાવાઝોડાના કારણે કચ્છમાં વીજ પોલને મોટાપાયે નુકસાન થયું છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રાથમિકતા આપીને યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પુનઃસ્થાપિત થાય તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. માંડવીના ટોપણસર તળાવ વચ્ચે આવેલા વીજ પોલના વાયરિંગમાં નુકસાની થઈ હોવાથી તેની મરમ્મત કરવી જરૂરી હતી. જોકે, તળાવમાં પાણી ભરેલું હોવાથી ત્યાં પગપાળા પહોંચી શકાય એવી સ્થિતિ નહોતી. આ પડકાર પરિસ્થિતિમાં એનડીઆરએફ, આર્મીની મદદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવી હતી. એનડીઆરએફ અને આર્મીની મદદથી વીજ કર્મચારીઓના તળાવની વચ્ચેના વીજ પોલ સુધી પહોંચી શક્યા હતા. જે બાદ વીજ કર્મચારીઓએ વીજ પોલની મરમ્મત કરી હતી. ઉલ્લેખનીય છે કે, વીજ લાઈનમાં ફોલ્ટ શોધીને તેનું નિવારણ લાવી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે સમગ્ર જિલ્લામાં પૂરજોશથી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

## આહવા ખાતે યોજાઈ પોલીસ જવાનોની 'યોગ જનજાગૃતિ બાઇક રેલી'



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

૯માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલા શ્રેણીબદ્ધ કાર્યક્રમોની શૃંખલાનો એક વધુ કાર્યક્રમ આહવા ખાતે યોજાઈ ગયો. 'યોગ' ને દૈનિક જીવનમાં સામેલ કરાવવાની કવાયતના ભાગરૂપે પ્રતિ વર્ષ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' પૂર્વે શ્રેણીબદ્ધ કાર્યક્રમો આયોજિત કરાતા હોય છે. જેમાં પ્રજાજનો ખુબ જ ઉત્સાહ સાથે ભાગ લઈ? રહ્યા છે. 'સાવચેતી એ જ સલામતી' એ નાતે ડાંગમાં પણ વિવિધ કાર્યક્રમો યોજવાનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે ડાંગ પોલીસના ચુનંદા જવાનોની એક બાઈક રેલીએ આહવા ખાતે વ્યાપક જનજાગૃતિ કેળવી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બાઈક રેલીને નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટીલે ફ્લેગ બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. આહવાની આ બાઈક રેલીમાં ૧૦૦ જેટલા બાઈક સવારો જોડાયા હતા. જેમણે આહવાના રાજમાર્ગ ઉપર 'યોગ' વિષયક સુત્રોચ્ચાર કરી વાતાવરણમાં ચેતના જગાવી હતી. રેલી પૂર્વે યોગ બોર્ડના યોગ પ્રશિક્ષક શ્રીમતી સરિતાબેન ભોયે એ પોલીસ ગ્રાઉન્ડ પર જવાનોને યોગાભ્યાસ પણ કરાવ્યો હતો.

## સિધ્ધપુર ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને બિપરજોય વાવાઝોડા બાદની પરિસ્થિતિ સંબંધિત સમીક્ષા બેઠક યોજાઈ



કમલમ્ ન્યુઝ,

બિપરજોય વાવાઝોડાએ છેલ્લા બે દિવસથી ગુજરાતને ઘમધોળ્યા બાદ બે દિવસથી પાટણ જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદ વરસી રહ્યો છે. આ પરિસ્થિતિનો તાગ મેળવવા સિધ્ધપુર મામલતદાર કચેરી ખાતે ઉદ્યોગ વિભાગના કેબીનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને અધિકારીઓ, પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેકટર અરવિંદ વિજયને જિલ્લામાં વાવાઝોડાની પરિસ્થિતિ વિશે મંત્રીને માહિતગાર કર્યા હતા. આ બેઠકમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતે પાટણ જિલ્લા વહીવટી તંત્રની કામગીરીની સરાહના કરતાં જણાવ્યું કે, વાવાઝોડા પહેલાં કરવામાં આવેલા આગોતરા આયોજનને લીધે જિલ્લામાં મોટું નુકશાન નિવારી શકાયું છે. તેમણે કહ્યું કે, વરસાદના લીધે જે વિસ્તારોમાં પાણી ભરાયા છે ત્યાં પાણી નિકાલની વ્યવસ્થા કરી સ્થિતિ પહેલાંના જેવી સામાન્ય કરવામાં આવે. દર વર્ષે વરસાદના લીધે જે જે વિસ્તારોમાં પાણી ભરાય છે તેવા વિસ્તારોને ઓળખી કાયમી ધોરણે ઉકેલ લાવવાની સુચન કર્યુ.

મંત્રીએ જણાવ્યું કે બિપરજોય વાવાઝોડાના પગલે જિલ્લામાં રોગચાળો ફાટી ના નીકળે તે માટે આરોગ્યની ટીમને સત્વરે કામ કરવા તાકીદ કરી હતી. વાવાઝોડા, પુર વખતે રસ્તાઓ ઉપર વારંવાર રસ્તા અને ઝાડ તૂટી પડવાની ઘટના બનતી હોય છે તેમના ઉકેલ માટે સૂચન કર્યું હતું. બીપરજોય વાવાઝોડામાં ભારે પવન અને વરસાદના લીધે આસપાસના વિસ્તારોમાં ભરાયેલા પાણીનો નિકાલ કરીને સાફસફાઈ કરીને પાટણ જિલ્લાને સુખદ બનાવીએ. જ્યાં રોડ રસ્તા ધોવાઈ ગયા હોય ત્યાં માર્ગ વ્યવહાર સુગમ બનાવવાનુ સૂચન મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. પર્યાવરણ પ્રેમી મંત્રીએ વાવાઝોડાના પગલે પડી ગયેલા ઝાડની બાજુમાં ઊભેલા ઝાડ પ્રત્યે ચિંતા કરી તેમના માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી બચાવવા તાકિદ કરી હતી. અસરગ્રસ્ત નાગરિકોને યુદ્ધના ધોરણે કેશડોલ ચૂકવવા તેમજ સત્વરે નુકસાનીનો સર્વે કરવા સૂચન કયુ હતું આ બેઠકના અંતે કેબિનેટ મંત્રીએ ફરીથી જીલ્લા વહિવટી તંત્રના પ્રયાસોની પ્રસંશા કરી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર અરવિંદ વિજયન, જીલ્લા વિકાસ અધિકારી ડી.એમ.સોલંકી, અધિક નિવાસી કલેકટર પ્રદિપસિહ રાઠોડ, જીલ્લા પોલિસ વડા વિજય પટેલ ઉપરાંત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

